Jaihind
dabad | Date: January 03, 2011 | Page No: 08 | Category: Krishna Heart

## Operation for needy heart patients will be performed at concessional rate at Krishna Heart Institute

### હૃદય રોગના જરૂરિયાતમંદ દર્દીઓ માટે

# ક્રિશ્ના હાર્ટ ઇન્સ્ટિટ્યુટમાં રાહત દરે ઓપરેશન થશે

અમદાવાદ, તા.૨
ક્રિશ્ના હાર્ટ ઇન્સ્ટિટ્યુટે ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓ માટે રાહતદરે દરેક પ્રકારના ૧૦૦ જેટલા ઓપરેશન કરવાનો નિર્ણય કર્યો છે. જેમાં એન્જિયોગ્રાફી રૂપિયા ૫૦૦૦, એન્જિયોપ્લાસ્ટી રૂપિયા ૬૫૦૦૦માં અને બીએમએસ સ્ટેન્ટ સહિત બાયપાસ સર્જરી રૂપિયા ૭૫૦૦૦માં કરાશે.

જરૂરિયાતમંદ દર્દીઓએ ફોન નં. ૯૮૨૫૦૨૨૧૧૯ અને ૯૮૨૫૦૬૫૧૦૧ પર સંપર્ક સાધવા જણાવાયુ છે. ક્રિશ્ના હાર્ટ ઇન્સ્ટિટ્યુટના સ્થાપક અને અધ્યાપક ડો. અતુલ ચોક્સીએ આજે પત્રકારોને જણાવ્યુ હતુ કે અમેરિકામાં ન્યુયોર્ક ખાતે સન્માનનીય કાર્ડિઓલોજીસ્ટ તરીકે ૩૫ વર્ષ સેવા આપ્યા બાદ ગુજરાતમાં સેવા કરવા માટે પરત આવ્યો છું. હું મારા વ્યક્તિગત હિત કરતા સમાજના હિતને વિશેષ મહત્વ આપુ છું.

જેમને સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ્સના બિલ ચુકવવાનું પોષાય તેમ નથી તેવા હૃદયરોગના દર્દીઓની સારવાર કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. જેમનો ઇરાદો નેક છે તેમને પ્રભુ હંમેશા તેના કામમાં મદદ કરે છે.